ઠેબા બાયપાસ પાસે મોટરમાંથી મળી આવી ૨૪૬ દારૂની બોટલઃ

જાંબુડા પાટીયા પાસે મોટરનો પીછો કરી એલસીબીએ પકડી દારૂની ૪૦૨ બોટલઃ બે દરોડામાં ૧૫ લાખથી વધુનો મુદ્દામાલ

જામનગર તા. ૮: જામનગરના ઠેબા બાયપાસ પાસેથી ગઈકાલે એલસીબીએ એક મોટરમાં લઈ જવાતી ઈંગ્લીશ દારૂની ૨૪૬ બોટલ કબજે કરી છે. ઝડપાયેલા આરોપીએ અન્ય બે આરોપીના નામ આપ્યા છે. જાંબુડાના પાટીયા પાસેથી એલસીબીએ એક મોટરમાં ઈંગ્લીશ દારૂની ૪૦૨ બોટલ લઈને જતા શખ્સને પીછો કરીને ઠબોથી લીધો છે. તેણે પણ એક સાગરિતનું નામ આપ્યું છે. કુલ રૂા.૧૫ લાખથી વધુનો મુદ્દામાલ બંને દરોડામાં કબજે કરાયો છે.

જામનગરના ખીજડિયા બાયપાસથી ઠેબા બાયપાસ વચ્ચે ઈંગ્લીશ દારૂની એક મોટરમાં હેરાફેરી થવાની છે તેવી બાતમી એલસીબીના મયુરસિંહ, યુવરાજસિંહને મળતા પીઆઈ વી.એમ. લગારીયાને તેનાથી વાકેફ કરાયા પછી પીએસઆઈ સી.એમ. કાંટેલીયા તથા પી.એન. મોરીના વડપણ હેઠળ એલસીબી સ્ટાફે વોચ ગોઠવી હતી.

તે દરમિયાન ઠેબા ચોકડી નજીકથી ફોર્ડ કંપનીની ફીયેસ્ટા મોડેલની જીજે-૧૦-એક ૯૭૨૮ નંબરની મોટર પસાર થતાં એલસીબીએ તેને આંતરી લઈ તલાશી લીધી હતી. આ મોટરમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૨૪૬ બોટલ મળી આવી હતી. આ જથ્થો રાજકોટ જામનગરના મરછરનગરમાં રહેતો યશપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજા ઉર્ફે ગડીયો નામનો શખ્સ મળી આવ્યો હતો. આ શખ્સની પુછપરછ કરાતા તેણે પોતાના સાગરિત પુનીતનગરવાળા હિતેન્દ્રસિંહ વિક્રમસિંહ વાળા ઉર્ફે વેલ્ડીંગ તથા ઈનાયત ઈબ્રાહીમ મસીયાર ઉર્ફે તોતો ઉર્ફે ટાઈગરના નામ આપ્યા છે. એલસીબીએ દારૂનો જથ્થો, મોટર, એક મોબાઈલ મળી કુલ રૂા.૪,૭૫,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

ત્યારપછી સ્થાનિક ગુ-હાશોધક શાખાના એએસઆઈ દિલીપભાઈ તલાવડીયા, હિતેન્દ્રસિંહ, કાસમભાઈને બાતમી મળી હતી કે, ધોલ તરફથી આવી રહેલી એક મોટરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે. તે બાતમીના આધારે પીઆઈ વી.એમ. લગારીયાની સુચનાથી એલસીબી ટીમ જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર જાંબુડા ગામમના પાટીયા પાસે વોચમાં હતી. ત્યારે ત્યાંથી પસાર થયેલી મારૂતી સુઝૂકી કંપનીની બ્રેઝા મોટર પસાર થતાં તેને રોકવા ઈશારો કરાયો હતો. જેના પગલે આ મોટરના ચાલક જાંબુડા ગામનો વતની અને હાલમાં સુભાષબ્રિજ પાસે ભારતવાસમાં રહેતા કિશન નાથાભાઈ ગીગડ ઉર્ફે ડેન્કરે મોટર ભગાડી મૂકી હતી.

આ શખ્સે જાંબુડાના પાટીયાથી મોટર અલીયાબાડા તરફ ફુલસ્પીડમાં વાળી લીધા પછી મિયાત્રા ગામ તરફ હોટ મૂકી હતી. તે મોટરનો એલસીબી ટીમે પીછો શરૂ કર્યા પછી મોટરને આંતરી લીધી હતી. તે મોટરની તલાશી લેવામાં આવતા તેમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની ૪૦૨ બોટલ મળી આવી હતી. એલસીબીએ મોટર, બોટલ, એક મોબાઈલ મળી કુલ રૂા.૧૧,૨૭,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી કિશન ઉર્ફે ડેન્કરની અટકાયત કરી છે. આ શખ્સે ઈનાયત ઈબ્રાહીમ મસીયાર ઉર્ફે તોતો ઉર્ફે ટાઈગરનું નામ આપ્યું છે.

સુરજકરાડીમાંથી વર્લીબાજ ઝડપાયોઃ

જાહેરમાં ઘોડીપાસા વડે જુગાર રમતા ત્રણ શખ્સને પકડી પાડતી પોલીસઃ રોકડ કબજે

જામનગર તા. ૮: જામનગરના અંબાજીના ચોકમાં ગઈકાલે સાંજે જાહેરમાં ઘોડીપાસા વડે જુગાર રમતા ત્રણ શખ્સને પોલીસે પકડી પાડ્યા છે. જ્યારે સુરજકરાડીમાંથી એક વર્લીબાજ મળી આવ્યો છે.

જામનગરના નાગનાથ નાકા પાસે અંબાજીના ચોકમાં ગઈકાલે સાંજે કેટલાક શખ્સો એકઠા થઈ ઘોડીપાસા વડે જુગાર રમતા હોવાની બાતમી પરથી સિટી એ ડિવિઝનના સ્ટાફે દરોડો પાડ્યો હતો. ત્યાં ઘોડીપાસા પાસા ફેંકી જુગાર રમતા દીપકભાઈ પરસોત્તમભાઈ ચાવલીયા, મહંમદહુસેન ગફારમિંયા નાગાણી ઉર્ફે મમૂડી, ઈમરાન મજીદભાઈ દરજાદા નામના ત્રણ શખ્સ ઝડપાઈ ગયા હતા. પોલીસે પટમાંથી રૂા.૧૦૬૫૦ રોકડા કબજે કરી જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

ઓખામંડળના મીઠાપુર નજીક સુરજકરાડીમાં ગઈકાલે બપોરે જાહેરમાં ઉભા રહી વર્લીના આંકડા લખતા મેહુલભા પોલાભા માણેક ઉર્ફે કાશી નામના શખ્સને પોલીસે દબોચી લઈ રોકડ, વર્લીના આંકડા લખેલી ચિઠ્ઠી કબજે કરી છે.

ગણાત્રા પરિવારનું સ્તુત્ય કાર્ય

લગ્નપ્રસંગે વરઘોડામાં એકત્ર થયેલ ઘોળની રકમ પાંજરાપોળમાં અર્પણ

જામનગરના એક રઘુવંશી વેપારી પરિવારે શુભકાર્યો સાથે ગૌસેવાની પ્રવૃત્તિને જોડવા માટે એક નવી પહેલ કરી છે. શહેરના વેપારી પરેશભાઈ વસંતરાય ગણાત્રાના સુપુત્ર ચિ. વિરજના શુભલગ્ન પ્રસંગે જાન આગમન વેળાએ નીકળેલા વરઘોડામાં ડીજે ના તાલ પર જાનૈયાઓએ ચલણી નોટની ધોળ કરી હતી. આ રકમમાં યોગ્ય રકમ ઉમેરીને ગણાત્રા પરિવારે રૂા.૧૧,૧૧૧ શહેરમાં લીમડાલાઈન સ્થિત જામનગર પાંજરાપોળને ગૌસેવાર્થે અર્પણ કરી નવો રાહ ચિંધ્યો છે.

વાહનોમાં વાયર બાંધી આપવામાં આવ્યાઃ

ટુ વ્હીલર ચાલકોને પતંગના દોરાથી બચવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા અવેરનેસ કાર્યક્રમ

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

જામનગર સહિત ગુજરાતભરમાં આગામી ગુરૂવારે રંગેચંગે ઉત્તરાયણ પર્વની ઉજવણી થવાની છે. ત્યારે વાહનચાલકોને પતંગના દોરાથી ઈજા ન થાય તે માટે અવેરનેસ લાવવા આજે જામનગર શહેરની ટ્રાફિક શાખાના પીઆઈ એમ.બી. ગજજરના વડપણ હેઠળની ટ્રાફિક શાખાની ટીમે વાહનચાલકોને ટુ વ્હીલરોમાં સેફ્ટી વાયર બાંધી આપ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

- ★ ભારતમાં વસ્તી ગણતરી-૨૦૨૭ માટેનો પ્રથમ તબક્કો ૧-એપ્રિલથી શરૂ થશે.
- ★ માલદીવ સરકારે 'વન નેશન, વન ઈલેકશન' માટે બંધારણીય સુધારા બિલ રજૂ કર્યું.
- ★ ભારતમાં માર્ચ-૨૦૨૫ સુધીમાં ૯૭.૬ ટકા બેંક ખાતા વીમા કવર હેઠળ સુરક્ષિત.
- ★ ચૂંટણીપંચે એસઆઈઆર ટુ હેઠળ ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ૬.૫ કરોડ મતદારના નામ હટાવ્યા.
- ★ ૮૩૧ કરોડ રૂપિયાની કમાણી કરનારી 'ધુરંધર' પહેલી હિન્દી ફિલ્મ બની.
- ★ ભારતમાં મેદાસ્વિતા ઘટાડતી દવાઓના માર્કેટમાં ગત વર્ષે ૧૧૫ ટકાનો વધારો થયો.
- ★ લોરેન્સ ગેંગના મુખ્ય સભ્ય અમનને અમેરિકાથી ભારત પ્રત્યાર્પણ કરાયો.

૧૮૫ મીટર કોપર કેબલ, પીન ચોરાયાઃ

કાલાવડના ટોડામાં ભરડીયામાં તસ્કર ત્રાટક્યાઃ પોણા લાખના સામાનની ચોરી

જામનગર તા. ૮: કાલાવડના ટોડા ગામમાં આવેલા એક ભરડીયામાંથી ગયા રવિવારની રાત્રિથી સોમવારની સવાર સુધીમાં ૧૮૫ મીટર કેબલ અને બે પીન મળી રૂા.૭૨,૪૭૦ના સામાનની ચોરી થઈ છે.

કાલાવડ તાલુકાના ટોડા ગામમાં આવેલા વીરભદ્રસિંહ જયેન્દ્રસિંહ જાડેજા નામના આસામીના હાલાર સ્ટોન કશર નામના ભરડીયામાં ગયા રવિવારની સાંજથી સોમવારની સવાર સુધીમાં વાયરની ચોરી થઈ છે.

તે ભરડીયામાંથી કોઈ તસ્કરો ૧૮૫ મીટર કોપર કેબલ કાપી ગયા છે અને બે પીન પણ ચોરાઈ ગઈ છે. કુલ રૂા.૭૨,૪૭૦નો સામાન ચોરી થયાની કાલાવડ ગ્રામ્ય પોલીસમાં વીરભદ્રસિંહે ફરિયાદ નોંધાવી છે.

શાદી મુબારક

જામનગરના જનાબ અબ્બાસભાઈ નૂરમામદભાઈ ખફીના સુપુત્ર ચિ. સાજીદના શુભલગ્ન ચિ. સિરીન સાથે યોજાયા છે. નવદંપતીનો સત્કાર સમારંભ તા.૮-૧-૨૦૨૬ ના રાત્રે ૮ વાગ્યે ઓશવાળ સેન્ટરમાં રાખવામાં આવ્યો છે.

વચ્ચે પડનાર કાકા-ભત્રીજાને ગાળો ભાંડવામાં આવીઃ

ભાનુશાળીવાડમાં પૌત્રને રમાડી રહેલા પ્રૌઢને ગાળો ભાંડવા ઉપરાંત શખ્સે ઈંટના ઘા કર્યા

જામનગર તા. ૮: જામનગરના ભાનુશાળી વાડમાં મંગળવારની રાત્રે પોતાના પૌત્રને બાલકનીમાં તેડીને ઉભેલા એક પ્રૌઢને એક શખ્સે ગાળો ભાંડ્યા પછી ઘર પર ઈંટના ઘા કર્યા હતા. જેમાં મહિલાને ઈજા થઈ છે. વચ્ચે પડનાર કાકા-ભત્રીજાને ગાળો ભાંડી ફડાકા ઝીકાયા છે.

જામનગરના હવાઈચોક વિસ્તારમાં આવેલા ભાનુશાળીવાડમાં શેરી નં.૮માં રહેતા રાજેશભાઈ કનખરા નામના પ્રૌઢ મંગળવારે રાત્રે પોતાના પૌત્રને ઘરની બાલકનીમાં ઉભા રહીને રમાડી રહ્યા હતા ત્યારે ત્યાં ઉભેલા નાગરપરાવાળા હીરેન નટવરભાઈ જોઈસરને એમ લાગ્યું કે રાજેશભાઈ તેઓને ત્યાંથી જતા રહેવાનું કહે છે.

આ બાબતથી ઉશ્કેરાયેલા હીરેને રાજેશભાઈના મકાનની નીચે આવી ગાળો ભાંડવા ઉપરાંત ઘર પર ઈંટના ઘા કર્યા હતા. જેમાં રાજેશભાઈના પત્ની બીનાબેનને ખભામાં ઈજા થઈ હતી. આ વેળાએ વચ્ચે પડેલા રાજેશભાઈના પુત્ર પુનીત તથા ભાઈ વિમલને પણ ગાળો ભાંડી હીરેને ફડાકા ઝીક્યા હતા. સિટી એ ડિવિઝનમાં પુનીતભાઈ કનખરાએ ફરિયાદ નોંધાવી છે.

વિપશ્યના ટ્રસ્ટ જામનગર માટે જામનગર શહેર માં કે આસપાસના વિસ્તારમાં પાંચ થી દસ હજાર વાર કોઈ ટ્રસ્ટની જગ્યા વ્યાજબી ભાવથી / ટોકન ભાવથી વૈંચાતી લેવાની છે તેમજ ડોનેશનથી પણ આવકાર્ય છે

:સંપર્ક:
૯૩૨૮૯ ૩૪૫૧૮
૯૯૨૫૧ ૫૩૦૭૦

જામનગર ફિઝિયોથેરાપીસ્ટ એસો. ના

નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમત્તે વરણી

જામનગર તા. ૮: જામનગર શહેરના ફિઝિયોથેરાપી ક્ષેત્રના ઉત્થાન અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે કાર્યરત 'જામનગર ફિઝિયોથેરાપીસ્ટ ઓસોસિએશન' દ્વારા વર્ષ ૨૦૨૬ના નવા કાર્યકારી મંડળની રચના અનુસાર સંસ્થાની આગામી વર્ષની જવાબદારીઓ સંભાળવા માટે અનુભવી તથા ઉત્સાહી તબીબોની સર્વાનુમત્તે પસંદગી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ ડો.ભાર્ગવ શુકલ, ઉપપ્રમુખ ડો. અમતુલ્લાહ હિરાણી, સેક્રેટરી ડો. અમીન સફિયા, જોઈન્ટ સેક્રેટરી ડો. બલવંત ડોડીયા, ટ્રેઝરર ડો. નિધિ દવે અને જોઈન્ટ ટ્રેઝરર ડો. શ્રુતિ કોટેચાની વરણી કરવામાં આવી હતી. આ નવનિયુક્ત હોદ્દેદારોની ટીમે જણાવ્યું હતું કે આગામી વર્ષમાં એસોસિએશન દ્વારા ફિઝિયોથેરાપી ક્ષેત્રે જાગૃતિ લાવવા, શૈક્ષણિક સેમિનારો યોજવા અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ પર વિશેષ ભાર મુકવામાં આવશે.

૧૪માંથી ૧૨ આરોપીના રહેણાંકના સ્થળે કરવામાં આવી ચકાસણીઃ

સચાણામાં જૂથ અથડામણના આરોપીઓના મકાનમાં પોલીસ, વીજ કંપની દ્વારા ચેકીંગઃ વીજચોરીના ચાર ગુન્હા

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

જામનગર-જોડિયા ધોરી માર્ગ પર આવેલા સચાણા ગામમાં ગયા સપ્તાહે માછીમારીની જાળના બાકી પૈસાના મામલે ૧૪ શખ્સના ટોળાએ એક પરિવાર પર હુમલો કરી આડેધડ માર મારતા એક યુવાનની હત્યા થઈ ગઈ હતી. ટોળા સામે પોલીસમાં ફરિયાદ કરાયા પછી પંચકોશી એ ડિવિઝન પોલીસે આરોપીઓની ધરપકડનો દૌર શરૂ કર્યો હતો. તે પછી ગઈકાલે પીઆઈ એમ.એન. શેખ તથા પોલીસ ટીમ અને પીજીવીસીએલની ટીમ દ્વારા સંયુકત રીતે સચાણામાં આવેલા ૧૪ આરોપીના રહેણાંક મકાનમાં વીજચોરી અંગે ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૧૨ આરોપીના મકાનમાંથી વીજચોરી ઝડપાઈ ગઈ છે. પોલીસ તથા વીજ કંપનીની ટીમે ઉમર દાઉદ બુચડ, જાફર ઉમર, ઈમરાન ઉમર, અફઝલ ઉમર તેમજ સુલ્તાન જાકુ બુચડ, જાવેદ જુમા જામ, જુમા અલી જામ, જાકીરહુસેન જુમા જામ સામે પણ ગેરકાયદે વીજજોડાણ અંગે ગુન્હો નોંધવાની તજવીજ કરાઈ છે. જ્યારે શબ્બીર અસગર બુચડ, જીલાની અસગર બુચડના મકાનમાંથી પણ વીજચોરી મળી આવી હતી. તમામ સામે વીજ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ કુલ ચાર ગુન્હા નોંધાયા છે.

જાહેર ખબર

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ ના AHP ઘટક અંતર્ગત ઘરનું ઘર મેળવવા માટેની અમુલ્ય તક

જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હાઉસિંગ ફોર ઓલના એ.એચ.પી. ઘટક અંતર્ગત જે લોકોની વાર્ષિક આવક રૂા. 3.00 લાખ સુધીની હોય તેવા આર્થિક પછાત વર્ગના તમામ ઘર વિહોણા લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે જામનગર શહેરમાં (૧) જામનગર-રાજકોટ હાઇવે, શ્રીકોન મંદિર સામે, સેક્ટર લેઆની બાજુમાં ટી.પી. સ્કીમ નં. 3/બી, ફાઇનલ પ્લોટ નં. ૪૬ વાળી જગ્યામાં EWS-2 પ્રકારના (૧ હોલ, ૨ બેડ રૂમ, ૧ કિચન, ૧ ટોયલેટ, ૧ બાથરૂમ, વોશિંગ એરિયા) રૂા. ૬.૦૦ લાખની કીમતના ૫૮૪ આવાસો તથા (૨) ટી.પી.-૨, એફ.પી.-૭૪, માર્કેટિંગ યાર્ડ રોડ, ગ્રીનગંગા સ્કુલ, શ્યામ પાર્ટી પ્લોટ વાળી જગ્યામાં નવા EWS-1 પ્રકારના (૧ હોલ, ૧ બેડ રૂમ, ૧ કિચન, ૧ ટોયલેટ, ૧ બાથરૂમ, વોશિંગ એરિયા) રૂા. ૬.૦૦ લાખની કીમતના ૮૦૦ આવાસ બનાવવા માટેનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. આ લોકેશન પર આવાસ મેળવવા માટે (૧) લાભાર્થીઓ પોતાની રીતે ઓનલાઇન નીચે મુજબની લીંક મારફત અરજી કરી શકે છે અથવા (૨) જે લાભાર્થીઓ જામનગર મહાનગરપાલિકાની સ્લમ - હાઉસિંગ શાખા, ચોથો માળ ખાતે ૨ુબરૂ સંપર્ક કરીને ઓનલાઇન અરજી કરવા માંગે છે તે તારીખ : ૧૨-૦૧-૨૦૨૬ થી તારીખ : ૩૧-૦૩-૨૦૨૬ સુધી લોકેશન અવર્સ દરમ્યાન નીચે દર્શાવ્યા મુજબના આધારો સ્વપ્રમાણિત કરીને ફરજીયાત સાથે લાવવાના રહેશે. અરજી કરવા માટેનો સમય સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ અને બપોરે ૦૪:૦૦ થી ૦૬:૦૦ દરમ્યાન રૂબરૂ આવવાનું રહેશે જેની આથી જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

૧	ઓળખના પુરાવા માટે	:	મૂળ અરજદારના મૂંજણી કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવિંગલાઈસન્સની નકલ (સ્વપ્રમાણિત)
૨	હાલના રહેઠાણના પુરાવા માટે	:	લાઇટ બીલ, હાલના સરનામાંના રહેઠાણની હાલની હાલિસ ટેક્સ છેલ્લા વર્ષના બીલ તથા પહોંચની નકલ, અને ભાડા કરારની નકલ (સરકારશ્રીના પ્રાવર્તમાન દર મુજબના સ્ટેમ્પ પેપર પર) (સ્વપ્રમાણિત)
3	આધાર કાર્ડની વિગતો	:	અરજદારના પરિવારના તમામ સભ્યોના આધાર કાર્ડની નકલ • અરજદાર પરણિત હોય તેવા કિસ્સામાં - પતિ, પત્નિ, બાળક, પિતા તથા તમામ સંતાનોના આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ. • અરજદાર સ્ત્રી અને પરણિત હોય તેવા કિસ્સામાં - પતિ, પત્ની, સાસુ, સસરા તથા તમામ સંતાનોના આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ • અરજદાર પુખ્ત અને અપરિણત (પુત્ર / પુત્રી) હોય તેવા કિસ્સામાં - મૂળ અરજદાર, માતા, પિતાના આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલ ખાસ નોંધ : અરજદારશ્રીએ પોતાના આધારકાર્ડ સાથે લીંક થયેલ મોબાઇલ ફોન અચૂક પાસે રાખવાનો રહેશે.
૪	આવકના પુરાવા માટે (આવક મર્યાદા રૂા. 3.00 લાખ સુધી)	:	પગાર સ્લીપ (૧૨ મહિનાની) / મામલતદારશ્રીનું આવકનું પ્રમાણપત્ર / રાજ્ય સરકારશ્રીના અધિકૃત અધિકારીશ્રીનું પ્રમાણપત્ર / છેલ્લા વર્ષનું ઇન્કમટેક્સ રીટર્ન (રિજેક્ટ પેડી કોપી પણ આધારની સ્વપ્રમાણિત નકલ)
૫	ડીફેન્સ કેટેગરી માટે	:	સેકેટરી જુલ્વા સૈનિક બોર્ડ ગુજરાતનું પ્રમાણપત્ર (સ્વપ્રમાણિત)
૬	ST/SC/OBC કેટેગરીના પુરાવા માટે	:	ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ ખાતાના અધિકારીશ્રી અથવા રાજ્ય સરકારશ્રીના અધિકૃત અધિકારીશ્રીનું પ્રમાણપત્ર (સ્વપ્રમાણિત)
૭	અંધ અપંગ માટે	:	સિવિલ સર્જનનું અધિકૃત પ્રમાણપત્ર (સ્વપ્રમાણિત)
૮	અરજદારની બેંક પાસબુક	:	મૂળ અરજદારના કાર્યરત બેંક ખાતાના પાસબુકના પ્રથમ બે પેજાની / કેન્સલ ચેકની નકલ (સ્વપ્રમાણિત)

નોંધ :
- જે લાભાર્થી પોતાની રીતે અરજી કરવા માંગે છે તે નીચે આપેલ લીંક ઉપર રજીસ્ટ્રેશન કરી શકે છે. અરજી સબમિટ કર્યા બાદ ઉપર મુજબના તમામ દસ્તાવેજો આધારે જામનગર મહાનગરપાલિકા, સ્લમ હાઉસિંગ શાખા, ચોથા માળ ખાતે સ્વપ્રમાણિત કરીને રૂબરૂ સબમિટ કરવાના રહેશે જેની સર્વે જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.
- તમામ ઓનલાઇન અરજીઓ સરકારશ્રીના અધિકૃત પોર્ટલ પર નોંધણી કરવાની ફરજીયાત છે અને અગાઉ કોઈપણ સરકારી આવાસ યોજનામાં લાભ લીધેલ હશે તો તેવા કિસ્સામાં અરજી મંજુર / નાં મંજુર કરવા માટે સરકારશ્રી કક્ષાએથી જે કોઇ નિર્ણય લેવાશે તે આખરી અને બંધનકર્તા રહેશે.

ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા માટેની લીંક :
https://pmaymis.gov.in/PMAYMIS2_2024/PMAY_SURVEY/EligibilityCheck.aspx

અથવા QR કોડ સ્કેન કરો

૧૧૭

સીટી એન્જીનીયર
જામનગર મહાનગરપાલિકા